# ૮. ઘનજીવામૃત

**ઘનજીવામૃત તમે આ પ્રકારે પણ બનાવી શકો છો. ઘનજીવામૃત માટે શું કરવાનું છે?**

૧. ૧૦૦ કિ.ગ્રા. દેશી ગાયનું છાણ

૨. ૧ કિ.ગ્રા. ગોળ

૩. ૨ કિ.ગ્રા. કઠોળનો લોટ (તુવેર, ચણા, મગ અથવા અડદ)

૪. થોડુંક ગૌમૂત્ર

ઉપરના બધા પદાર્થોને સારી રીતે ભેળવી ગુંદી લેવા જેથી તે શીરો કે લાડું જેટલું ઘાટું બની જાય. તેને ૨ દિવસ સુધી કોથળાથી ઢાંકીને રાખો અને થોડું પાણી છાંટી દો. પછી તેને એટલું ઘાટું બનાવો કે જેથી તેના લાડું બને. હવે આ ઘનજીવામૃતના લાડવાને કપાસ, મરચી, ટામેટા, રીંગણા, ભીંડો, સરસવના બિયારણની સાથે જમીન ઉપર રાખી દો. એના ઉપર સૂકું ઘાસ નાખો. જો તમારી પાસે ટપક પિયત હોય તો ઘનજીવામૃત ઉપર સૂકું ઘાસ રાખીને ઘાસ ઉપર ડ્રીપરથી પાણી આપવું.

આ ઘનજીવામૃતના લાડવા તમે ઝાડ-છોડ પાસે આપી શકો છે જેથી જીવામૃત મૂળ સુધી પહોંચી શકે, એના માટે જમીનમાં ભેજ હોવો જોઈએ.

## સૂકું ઘનજીવામૃત

આ ભીના ઘનજીવામૃતને તમે છાંયડામાં અથવા હળવા તડકામાં સારી રીતે ફેલાવીને સૂકવી લ્યો. સૂકાયા બાદ તેને લાકડીથી મારીને બારીક બનાવો અને કોથળામાં ભરીને છાંયડામાં સંગ્રહ કરો. આ ઘનજીવામૃતને તમે સૂકવીને ૬ મહિના સુધી રાખી શકો છો. સૂકાયા પછી ઘનજીવામૃતમાં રહેલા સૂક્ષ્મજીવ સૂષુપ્ત થઈ કોશેટા ધારણ કરે છે. જયારે તમે ઘનજીવામૃત જમીનમાં નાખો છો, ત્યારે જમીનમાં ભેજ મળતાં જ તે સૂક્ષ્મજીવ કોશેટા તોડીને, સૂષુપ્ત અવસ્થા ભંગ કરીને ફરીથી કાર્યમાં લાગી જાય છે. જેની પાસે છાણ વધારે હોય, તેમના માટે વધારે પ્રમાણમાં ઘનજીવામૃત બનાવીને મર્યાદિત પાકોમાં છાણિયુ ખાતર ભેળવીને એનો ઉપયોગ કરે. બહુ જ ચમત્કારિક પરિણામ મળશે.




કોઈ પણ પાકની વાવણી વખતે પ્રતિ એકર ૧૦૦ કિ.ગ્રા. ચાળેલ છાણિયુ ખાતર અને ૧૦૦ કિ.ગ્રા. ઘનજીવામૃત ભેળવીને બીજ વાવો. બહુ જ સારૂં પરિણામ મળે છે. મેં આ ચકાસણી દરેક પાકમાં અને ફળાઉ છોડમાં કરી છે અને ચમત્કારિક પરિણામ મેળવ્યું છે. આનાથી તમે રાસાયણિક ખેતીથી અથવા સજીવ ખેતીથી વધારે ઉત્પાદન લઈ શકો છો.